



ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરની વિદ્યાર્થીની કલવી પંચાલ રાષ્ટ્રીય કક્ષાએ

## ‘રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૬’ સ્પર્ધામાં નિસર્ગના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ પ્રોજેકટ રાષ્ટ્રીય કક્ષાએ

ગાંધીનગર, તા.૨૯

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે બાહ્યજગતના વિકસી રહેલા વિજ્ઞાનને પણ જાણે તે હેતુથી રાજકક્ષાની તેમજ રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવે છે. ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા દર વર્ષે ‘રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ ૨૦૧૬’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની સંશોધન વૃત્તિને પ્રોત્સાહન આપવાનો છે.

ગાંધીનગર જિલ્લામાં આ સ્પર્ધાનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર જિલ્લામાંથી ૧૧ શાળાના પ્રોજેકટની રાજયક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. રાજયકક્ષાની સ્પર્ધા તા. ૨૬-૧૦-૧૬ થી ૨૮-૧૦-૧૬ દરમિયાન ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૩૫૦ પ્રોજેકટ રાજયકક્ષાની સ્પર્ધા માટે આવ્યા હતા. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.



અનિલભાઈ કે. પટેલ માર્ગદર્શીત પ્રોજેકટ ‘ઈમ્પોર્ટન્સ ઓફ હેમ રેડીયો ડયુરીંગ નેચરલ ડીઝાસ્ટર’ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો હતો. આ પ્રોજેકટ શ્રી જે.એમ. ચૌધરી ઈંગ્લિશ મીડીયમ સ્કુલની વિદ્યાર્થીની કલવી જે. પંચાલ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. જેમાં તેના ટીમ મેમ્બર તરીકે સોલંકી જીલ જે., પંચાલ નીરાલી એન., પંડયા ધ્રુવી બી. હતા અને માર્ગદર્શક શિક્ષિકા તરીકે પ્રતિભા એમ. થોરાત હતા.

આ પ્રોજેકટ રાજયકક્ષાની સ્પર્ધામાં પસંદગી પામી ‘રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૬’ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રોજેકટમાં વિદ્યાર્થીનીએ ગાંધીનગરમાં વસતા જુદા જુદા ૨૫ જેટલા હેમ રેડીયો ઓપરેટરની મુલાકાત લીધી હતી. હેમ રેડીયોનો કુદરતી આપત્તી સમયે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની ઉંડાણપૂર્વક માહિતી એકઠી કરી હતી. ઉપરાંત શ્રી દિપકભાઈ આશરા દ્વારા હેમ રેડીયોનું ડેમોસ્ટ્રેશન પણ વિદ્યાર્થીને બતાવવામાં આવ્યું હતું. કચ્છના ધરતીકંપ સમયે તેમજ નિલોફર વાવાઝોડા સમયે હેમ રેડીયો દ્વારા સરકારને કેવી મદદ મળી હતી તેની વિસ્તૃત માહિતી આ પ્રોજેકટમાં રજુ કરવામાં આવી હતી. સમગ્ર પ્રોજેકટનું માર્ગદર્શન ડૉ. અનિલભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ તા. ૨૭-૧૨-૨૦૧૬થી ૩૧-૧૨-૨૦૧૬ સુધી બારામતી, મહારાષ્ટ્ર ખાતે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

ગાંધીનગર જિલ્લાના ગૌરવ સમી કલવી જે. પંચાલને નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર શ્રી હાર્દિક મકવાણા દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગુજરાતના સૌ નાગરિકોને દિપાવલી-નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રીશ્રી

ગાંધીનગર, તા.૨૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના સૌ નાગરિકોને દિવાળી અને નૂતનવર્ષના પર્વની શુભકામનાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સૌ નાગરિક ભાઈ-બહેનો માટે આવનારૂ નૂતનવર્ષ પ્રકાશ પર્વ અને સપનાઓ પરિપૂર્ણ કરનારૂં આનંદ-ઉમંગ પર્વ બને તેવી મંગલકામનાઓ પાઠવી છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ પાઠવેલા દિપાવલી નૂતનવર્ષ શુભેચ્છા સંદેશમાં સાડા ૬ કરોડ ગુજરાતીઓ એક બની-સંગઠિત થઈ સામાજિક સમરસતાને વધુ ગાઢ બનાવે, સમાજ-સમાજ વચ્ચે કટૂતા ન થાય અને સૌ સાથે મળીને ગુજરાતના વિકાસને ચરમસીમાએ પહોંચાડે તેવી અભિલાષા વ્યકત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત અને ગુજરાતીઓ માટે વિક્રમ સંવતનું નૂતન વર્ષ વધુ સુખ-સમૃદ્ધિ-સમરસતા અને સુખાકારી લાવનારૂં વર્ષ બને તેમ પણ શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે.

## આર.એન. પટેલ પ્રાથમિક શાળાનો એક દિવસીય પ્રવાસ

ગાંધીનગર, તા.૨૯

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરદાર સરોવર નર્મદા પ્રોજેકટ અંતર્ગત હાઈડ્રો પાવર સ્ટેશન ડેમસાઈટ, કેનાલ સાઈટ, વિંધ્યાચળ પર્વતમાળા અને વન્યજીવો તેમજ ડેમ બાંધવાના નિર્માણ સંબંધિત માહિતી પ્રાપ્ત કરી હતી. નિર્માણાધિન સરદાર પટેલની દુનિયામાં સૌથી ઊંચી બનનાર પ્રતિમા કે જેની કામગીરી વિષે રસપ્રદ બાબતો જાણી હતી ઉપરાંત આણંદ ખાતે આવેલી એશિયાની સૌથી મોટી ડેરીની મુલાકાત બાળકોએ લીધી હતી જેમાં તેના ઈતિહાસથી માંડીને હાલમાં ચાલતી વિવિધ પ્રોડકટસની કામગીરીને નિહાળી હતી તેમજ ડેરીની કેટલીક ચોકલેટસ અને આઈસક્રીમનો આસ્વાદ માણ્યો હતો.

## સરગાસણ પ્રા. શાળામાં બાળકોનું મનોરમ્ય ‘દિપ સુશોભન’





ગાંધીનગર, તા.૨૯

દિવાળીના દિપ ચોતરફ પ્રજવલ્લિત થઈ ઉજાસ સાથે ઉલ્લાસનો માહોલ સર્જી રહ્યા છે. દિવાળીનો આનંદ દરેક માટે અલગ અલગ હોય છે. શાળામાં ભણતા ભૂલકાઓ માટે આ તહેવાર ફટાકડાં, મિઠાઈ, નવા કપડાં વગેરેથી સંકળાયેલો હોય છે. જો કે દિવાળીમાં દિપનું મહત્વ શું છે તે સમજાવવા સાથે બાળકોની સર્જનાત્મકતા બહાર આવે તે હેતુથી સરગાસણ સરકારી પ્રાથમિક શાળામાં ‘દિપ સુશોભન પ્રતિયોગિતા’ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભૂલકાંઓએ હોંશે હોંશે અવનવા રંગોથી કોડિયાંઓને મનોરમ્ય ડિઝાઈને રંગ્યા હતા.

સરગાસણ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક સ્તુતિબેન જોષી તથા સમગ્ર કર્મચારીગણ બાળકો અભ્યાસ સાથે અન્ય ઈતર પ્રવૃત્તિઓમાં રૂચિ કેળવી પોતાની પ્રતિભા વિકસાવે તે હેતુથી સતત કાર્યરત રહે છે. તાજેતરમાં તેમણે શાળામાં દિવાળી નિમિત્તે ‘દિપ સુશોભન પ્રતિયોગિતા’ યોજી હતી જેમાં શાળાના બાળકોએ અવનવી ડિઝાઈનના રંગબેરંગી દિવડાં સુશોભિત કર્યા હતા. નાના બાળકોએ ડેકોરેટ કરેલા દિવડાં જોઈ સૌ કોઈ અચંબિત થઈ ગયા હતા અને બાળકોની સર્જનશકિત પર આફરિન પોકરી ગયા હતા. આ સ્પર્ધામાં શાળાના દરેક વર્ગના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને દિવડાં માટેના માટીના કોડિયાંને કલ્પનાશકિતના સહારે અવનવા રંગે રંગ્યા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વર્ગ ૧ થી ૪ના તમામ સરકારી કર્મચારીઓના પગાર ના થતાં તેમની દિવાળી બગડશે તેવી દહેશત ઉભી થઈ હતી. જો કે કાળી ચૌદશના દિવસે સાંજે તેમના પગારો થઈ જતા તમામ કર્મચારીઓના ચહેરા પર રાહતનું સ્મિત ઝુલ્યું હતું.

● શહેરમાં સંપન્ન વર્ગ માટે અનેક મોટ મોટા બજારો છે પરંતુ જરૂરિયાતમંદ વર્ગને માટે પોસાય તેવું એક માત્ર મીના બજાર છે. શનિવારે આ મીના બજારમાં દિવાળીની ખરીદી કરવા શ્રમજીવી પરિવારોએ હૈયેહૈયું દળાય તેવી ભીડ જમાવી હતી.

● કાળી ચૌદશની સાંજે શહેરમાં વસાહતીઓએ કકળાટ કાઢવા ચાર રસ્તે દાળવડાં મુકી પાણીના કુંડાળા કરી વિધી કરી હતી. આ પ્રકારની માન્યતાના પગલે શહેરના લગભગ તમામ ચાર રસ્તે ભારે ગંદકી થવા પામી હતી અને વાહનચાલકોને વાહન ચલાવવામાં અગવડ પડી હતી.

## જે.એમ. ચૌધરી વિદ્યાલય એથ્લેટીકસ સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા.૨૯

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા ગાંધીનગરમાં યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમને શાળાના આચાર્ય શ્રી સંતોકબેન ચૌધરી તથા વ્યાયામ શિક્ષિકા હેતલબેન દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા. ચૌધરી પ્રીતી વી.- ગોળાફેંક તથા પટેલ ધ્રુવિકા બી. ૪૦૦મી. દોડમાં વિજેતા બની હતી.

## સરદાર પટેલ સ્ટેટ ટેકવોન્ડો કપમાં ગાંધીનગરની ટીમનો શાનદાર દેખાવ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનના ખેલાડીઓએ તા. ૨૩-૧૦-૧૬ના રોજ ઈન્દુલાલ યાજ્ઞિક હોલ, બાપુનગર, અમદાવાદ ખાતે સરદાર પટેલ સ્ટેટ ટેકવોન્ડો કપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજયની વિવિધ ટીમોએ ભાગ લીધો હતો. જે પૈકી ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશનના ખેલાડીઓએ ગોલ્ડ-૧૧, સિલ્વર-૧૩, બ્રોન્ઝ-૩ મેડલ્સ પ્રાપ્ત કરી રાજયકક્ષાએ તૃતીય નંબરે વિજેતા ટ્રોફી મેળવી ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કર્યું છે.

ગાંધીનગરની ટીમનું નેતૃત્વ રોનક કંસારા તથા માર્ગદર્શન અજય જાડેજા અને રોનક કંસારાએ કર્યું હતું. સંસ્થાના ચીફ કોચ શ્રી જતીન દવે તથા ગ્રાન્ડ માસ્ટરશ્રી પ્રકાશ સંભવાણીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## હોસ્પિટલના તાત્કાલીક વિભાગમાં ફ્રીઝ ૨૦ દિવસથી બંધ હાલતમાં

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલ તાત્કાલીક વિભાગમાં મેડીસીન મુકવા માટે રાખવામાં આવેલ ફ્રિઝ છેલ્લા ૨૦ દિવસથી બંધ હાલતમાં છે. આ ફ્રિઝ બંધ હોવાથી દર્દીઓને તેમજ કર્મચારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે તાત્કાલીક વિભાગની સમસ્યાને ગંભીરતાપૂર્વક લઈ તંત્ર દ્વારા ફ્રિઝની મરામત સત્વરે થાય તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

ગુજરાત મેડિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલ અત્યંત આધુનિક બનાવાઈ છે. હોસ્પિટલ સંકુલ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે જયારે ગાંધીનગર જિલ્લા તેમજ આસપાસના વિસ્તારોમાંથી અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા દર્દીઓ આવે છે. જેઓને તાત્કાલીક વિભાગમાં સારવાર આપવામાં આવે છે તેમજ વધુ સારવારની જરુર જણાય તો તેઓને અમદાવાદ રિફર કરવામાં આવે છે. ત્યારે હોસ્પિટલ તંત્રના તાત્કાલિક વિભાગમાં છેલ્લા ૨૦ દિવસથી ફ્રિઝ બંધ હાલતમાં છે આ ફ્રિઝમાં ધનુર, હડવા અને ડાયાબીટીશના ઈન્જેકશન સહિત અત્યંત મોંઘી તેમજ આવશ્યક મેડીસીન રાખવામાં આવે છે ત્યારે સ્ટાફના કર્મચારીઓ દ્વારા રીપેરીંગ માટે અનેકવાર રજુઆત છતાં રીપેરીંગ કામ થવા પામ્યું નથી. તાત્કાલિક વિભાગમાં જ આટલી મોટી લાપરવાહી સામે આવી છે. ત્યારે અન્ય વિભાગમાં તો કહેવું જ શું...! દવાઓ તેમજ ઈન્જેકશન રાખવા માટે સ્ટાફના કર્મીઓએ દુર સુધી લાંબા થવું પડે છે. ત્યારે તંત્ર દ્વારા નવીન ફ્રિઝ તેમજ બંધ ફ્રિઝની મરામતની કામગીરી કરીને કાર્યરત કરવામાં આવે તેમ દર્દીઓ તેમજ સ્ટાફના કર્મીઓ ઈચ્છી રહ્યા છે.



## શાહપુર સર્કલ પાસે કારમાં આગ લાગતા નાસભાગ

### ફાયરબ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર – કોબા માર્ગ પરથી પસાર થઇ રહેલી ઇન્ડીગો ગાડી શાહપુર સર્કલ નજીક પહોંચી ત્યારે અચાનક કારમાંથી ધુમાડા નિકળતાની સાથે જ આગ ભભુકી ઉઠી હતી. જીજે૧૮એઝેડ૧૩૬૫ નંબરની આ ઇન્ડીગો કારમાં આગ લાગતા જ તેમાં સવાર ડો.સોમ શર્માનો ડ્રાઇવર કાર સાઇડમાં કરીને બહાર નિકળી ગયો હતો. કારમાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડને કોલ મળતા તેમની ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઇ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઇ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઇ જાનહાનિ કે કોઇને ઇજા થવા પામી નથી.



દિવાળી એટલે રંગોનો ઉત્સવ. આંગણે પુરાતી રંગોળી આંગતુકોને આવકારે. નવા વર્ષના ઉલ્લાસને સૌ કોઈ પોતાની આંખોમાં આંજી શુભકામનાઓનો વરસાદ વરસાવે. સેકટર-૫-બીના રહેવાસી કુ. નિધી પંચોલીએ આપણા રાષ્ટ્રીય પક્ષી મોરની સુંદર રંગોળી દિવાળી પર્વે બનાવી હતી. મોરપીંછના સુંદર રંગો નવ વર્ષને હર્ષ ઉલ્લાસથી આવકારી રહ્યા હોય તેવો આભાસ થઈ રહ્યો છે.

## ગીફટસિટીમાં ૨૯ વર્ષિય સિક્યુરિટી ગાર્ડનું વહેલી સવારે ડયુટી પર જ મૃત્યુ

### આ મહિને જ ઉત્તરપ્રદેશથી નોકરી કરવા ગાંધીનગર આવ્યો હતો

ગાંધીનગર, તા.૨૯


ગાંધીનગર નજીક આવેલા ગીફ્ટસિટી ખાતે સિક્યુરિટી ગાર્ડ તરિકે નોકરી કરવા ઉત્તરપ્રદેશથી ચાલુ મહિને જ આવેલા ૨૯ વર્ષિય યુવાનનું વહેલી સવારે ઓન ડ્યુટી કોઇ અગમ્ય કારણોસર મૃત્યુ થઈ જવા પામ્યુ હતુ. મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકથી અથવા ખુલ્લા વિસ્તારમાં ઠંડીમાં થીજી થવાથી મૃત્યુ થયુ હોવાનું પોલીસનું માનવુ છે.

ગિફ્ટસિટી ખાતે સિક્યુરિટી ગાર્ડ તરિકે તાજેતરમાં દિપ સિક્યુરિટી એજન્સી મારફતે જોડાયેલો ૨૯ વર્ષિય ધનંજય ઉર્ફે ભુટ્ટો શારદાપ્રસાદ મિશ્રા રતનપુર પી.એસ.પી લેબર કોલોનીમાં રહેતો હતો અને ગઈ રાત્રે ગિફટસિટી ખાતે ફરજ પર હતો. આજે વહેલી સવારે સિક્યુરિટી ડ્રેસ અને માથે ટોપી પહેરેલી હાલતમાં તથા ઠંડીથી બચવા કાન ઢાંકવા મોં પર રુમાલ બાંધેલી હાલતમાં ધનંજય બેભાન મળી આવ્યો હતો. તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો જો કે તે મૃત હોવાનું તબિબે જણાવ્યુ હતુ. કોઈ કારણોસર ડ્યુટી પર જ તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. ધનંજય ૪ ઓક્ટોબરે જ ઉત્તરપ્રદેશથી તેના મોટા ભાઈ મારફતે નોકરી કરવા ગાંધીનગર આવ્યો હતો. તેના પરિવારમાં પત્ની અનિતા અને ૮ વર્ષનો દિકરો અનંત છે. ડભોડા પોલીસમથકનાં જમાદાર મહેન્દ્રસિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ કરાવી મોતનું ચોક્કસ કારણ જાણવા તજવીજ શરુ કરી છે.

## એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ હેન્ડબોલ, લાંબીકૂદ તથા દોડમાં જિલ્લા કક્ષાએ ઝળકી

ગાંધીનગર, તા.૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ વિવિધ રમતોમાં જિલ્લા કક્ષાએ વિજેતા બને છે. ધો-૮ની ભાભોર પીનલ-૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડમાં ત્રીજો નંબર તથા લાંબીકૂદમાં બીજો નંબર પ્રાપ્ત કરેલ છે. ધો-૮ની સૈયદ હીનાબાનુ ૪૦૦ મીટર દોડમાં બીજો નંબર, ધો-૭ની સૈયદ અરબીનાબાનુ ઊંચી કૂદમાં બીજો નંબર પ્રાપ્ત કરી રાજયકક્ષાએ પસંદગી પામેલ છે. ધો-૮ની દેસાઈ માનસીએ હેન્ડબોલમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર તથા રાજય કક્ષાએ બીજો નંબર તથા આર્ચરીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. સર્વે વિજેતા બહેનોને શાળાના આચાર્યશ્રી નીરૂબેન પટેલે અભિનંદન પાઠવેલ છે.




દિપાવલીની મોસમમાં રંગોળીની મોસમ પણ પૂરબહારમાં ખીલી છે. નગરજનો સ્પર્ધામાં ઊતર્યા હોય એમ મનભાવન રંગોળીઓ બનાવી રહ્યા છે. કાવ્યા થાનકીએ પણ આવી જ એક સુંદર રંગોળીનું સર્જન કરીને મનના રંગોને રંગોળીમાં ચરિતાર્થ કર્યા છે.

## સિવિલમાં દસ માસમાં ૧૦૦ કોકલીયર વિનામુલ્યે ઈમ્પ્લાન્ટ ઓપરેશન

ગાંધીનગર, તા.૨૯

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા કાર્યાન્વિત શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ નવજાત શિશુવયથી માંડીને ૧૮ વર્ષની વયના બાળકો-વયસ્કોને જન્મજાત ખોડખાંપણના નિદાન તેમજ સારવાર નિઃશુલ્ક સાતત્યપૂર્ણ રીતે પ્રદાન કરવામાં આવી રહી છે.

આ સેવાઓ પૈકીના એકમ તરીકે જન્મજાત રીતે શ્રવણ શકિત વંચિત બાળકોનું નિદાન કરી કોકલીયર ઈમ્પ્લાન્ટની કેડી કંડારનારી શત્રક્રિયા કરી આપી સાંપ્રત માનવ સમુદાયમાં સર્વસમાન સ્થાન પુનઃસ્થાપિત કરી આપવાનો અવસર આધુનિક તબીબી વિજ્ઞાનની મદદથી પુરી પાડવામાં આવે છે.

જન્મજાત બહેરાશને લીધે મુંગા રહી જતા જરૂરિયાતમંદ બાળકો માટે જી.અમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ, ગાંધીનગરના કાન-નાક-ગળા વિભાગમાં કોકલીયર ઈમ્પ્લાન્ટ કેન્દ્ર પાછલા દસ મહિનાથી કાર્યરત છે. આ કેન્દ્ર ખાતે માત્ર દસ માસના ગાળામાં ૧૦૦ ઓપરેશન પૂર્ણ કરીને બાળકોને સાંભળતા-બોલતાં કરાયા છે. જેનાથી વાલીઓ આનંદિત થઈને રાજ્ય સરકારને અભિનંદન પાઠવી રહ્યા છે, એમ જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગરના તબીબી અધિક્ષકની યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રથમ ઓપરેશન તા. ૧૮મી જાન્યુઆરીએ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞ સતત ચાલુ રાખી તા. ૨૮મી ઓકટોબર-૨૦૧૬ના રોજ ૧૦૦મું ઓપરેશન પૂર્ણ કરવામાં આવ્યું છે. જે તમામ ૧૦૦ ઓપરેશન સંપૂર્ણ સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. જેમાં રાજયના પર (બાવન) નારી બાળકો અને ૪૮ (અડતાલીસ) નર બાળકો લાભાર્થી બન્યા છે. આ તમામ ઓપરેશન ઈ.એન.ટી. વિભાગના સહપ્રાધ્યાપક ડૉ. નિરજબેન સુરી દ્વારા કરવામાં આવ્યા છે.

આ ઓપરેશન માટે તમામ બાળકોને ઓડીયોગ્રાફી, સીટી સ્કેન, એમ.આર.આઈ., ટુ-ડી. ઈકોકાર્ડીયોગ્રાફી, ન્યુમોકોકલ, વેકસીનની તપાસ-સારવાર પુરી પાડ્યા બાદ રૂપિયા પાંચ લાખથી વધુના મુલ્યનું કોકલીયર ઈમ્પ્લાન્ટ બેસાડવાનું ઓપરેશન નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. આ પછી નિયત સમયે સ્પીચ થેરાપીની સારવાર ચાલુ કરવામાં આવે છે. બાળક આપ મેળે સ્વતંત્ર રીતે બોલવાનું શીખી જાય ત્યાં સુધી નિયત સમયાંતરે સાતત્યપૂર્ણ રીતે સ્પીચ થેરાપી આ કેન્દ્ર ખાતે આપવામાં આવે છે.

શ્રવણ શકિત પુનઃ પ્રાપ્ત થયેથી સામાન્ય બાળક માણસની જેમ જ બોલતા બાળકોને સમાજમાં પુનઃસ્થાપિત થયેલા જોઈને તેમનાં માતા-પિતા અને પરિવાર-કુટુંબના સભ્યોનાં આનંદ-સંતુષ્ટિની અનુભૂતિના સાક્ષી બનવાથી, આ હોસ્પિટલનાં ઈ.એન.ટી. વિભાગના તમામ તબીબો, જિલ્લા અને રાજ્યકક્ષાના પ્રોગ્રામ સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓ-અધિકારીઓ કૃતાર્થ થયાની લાગણી અનુભવે છે અને લાભાર્થીઓના પરિવાર પ્રત્યે આ સેવાઓ પ્રદાન કરવાની તક પૂરી પાડવા બદલ આભારની લાગણી વ્યક્ત કરે છે. તેમજ આગામી લાભાર્થીઓને આ સેવાઓ આપવાનો નિર્ધાર પુનઃવ્યક્ત કર્યો છે.

## ચિરવિદાય

● સ્વ. વિનોદચંદ્ર ચુનીલાલ ભટ્ટ, ઉ.વ. ૭૮